દિવ્ય ભાસ્કર, અમદાવાદ ક્ર.૨ પેજ
તારીખ :- ૧૨/૦૧/૨૦૨૬.

### પેસેન્જર રંગ પરથી પોતાના રૂટની મેટ્રો ઓળખી શકશે

# મેટ્રોની નવી ઓળખ 'કલર કોડ' ચાર રૂટને અલગ રંગ અપાયા

## મોટેરાથી મહાત્મા મંદિર સુધીનું ભાડું રૂ.40 રહેશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મેટ્રો કનેક્ટિવિટી હવે વધુ વિસ્તૃત અને વ્યવસ્થિત બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે જ મેટ્રો નેટવર્ક મોટું થતા, દિલ્હી અને અન્ય મેટ્રો શહેરોની તર્જ પર હવે અમદાવાદ મેટ્રોમાં પણ અલગ-અલગ રૂટને બ્લ્યુ, રેડ, યલો અને વાયોલેટ જેવા વિશિષ્ટ કલર કોડ અને નામ અપા છે.

હવે અમદાવાદ મેટ્રો માત્ર બે લાઈન સુધી મર્યાદિત ન રહેતા, ચાર અલગ લાઈનોમાં વહેંચાઈ ગઈ છે. આ ચારેય લાઈનને અલગ અલગ કલર કોડ આપવાથી મુસાફરો માટે સ્ટેશન અને રૂટની ઓળખ સરળ બનશે. આ નવા ફેરફારથી હવે મુસાફરો દિલ્હી મેટ્રોની માફક જ 'બ્લ્યુ, રેડ, યલો કે વાયોલેટ' લાઈન કહીને પોતાની મુસાફરી સરળતાથી પ્લાન કરી શકશે. વડાપ્રધાને જે રૂટનું લોકાર્પણ કર્યું છે તે હવે 'યલો લાઈન' તરીકે ઓળખાશે. મોટેરાથી મહાત્મા મંદિર સુધીનું મહત્તમ ભાડું રૂ.40 રહેવાની શક્યતા છે.

### હવે આ ચાર કલરથી મેટ્રોની ઓળખ થશે

- **બ્લૂ લાઈન :** વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધીનો ઈસ્ટ વેસ્ટ કોરિડોર.
- **રેડ લાઈન :** એપીએમસી (વાસણા)થી મોટેરા સ્ટેડિયમ સુધીનો નોર્થ સાઉથ કોરિડોર.
- **યલો લાઈન :** મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર (ગાંધીનગર) સુધીનો નવો રૂટ.
- **વાયોલેટ લાઈન :** જીએનએલયુથી ગિફ્ટ સિટી ને જોડતો રૂટ.

### શાહપુરથી જૂની હાઈકોર્ટ વચ્ચે આજે મેટ્રો બંધ રહેશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રિવરફ્રન્ટ પર કાઈટ ફેસ્ટિવલમાં હાજર રહેવાના હોવાથી મેટ્રોના શિડ્યુલમાં ફેરફાર કરાયો છે. જેમાં ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં બ્લ્યુ લાઇન પર સવારે 9.45થી 11 વાગ્યા સુધી શાહપુર અને જૂન હાઈકોર્ટ સ્ટેશન વચ્ચે મેટ્રો સેવા બંધ રહેશે. આ સમયમાં મેટ્રો ટ્રેનો વસ્ત્રાલ ગામથી શાહપુર સુધી અને જૂન હાઈકોર્ટથી થલતેજ ગામ વચ્ચે દોડશે.